# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સંઘ ને પક્ષને ઔદ્યોગિક નાણાં સિંચાઇ ગયાં!
ને શિસ્ત, સત્ય, સંગઠ્ઠન સસ્તામાં વેંચાઇ ગયાં!
ચાલે ચાવી દીધેલ, ગડકરી એ તો હદ કરી!!
ખેંચાઇ ગયા સત્તાથી એ પૈસાથી પેંચાઇ ગયા..
(કલમાબેનને કાઢવા મોદીની સૂચના મુજબ મોરચો લઇ ગયા, અડવાણી-જેટલી ન જોડાયા..)

## હાઇકુ

તર્યા તેલમાં,
ડૂબશે જમીનમાં -
ઉડશે 'મતે'
(ભ્રષ્ટાચારનો અતિરેક)

સત્તા ને ઘંટ
ઉંદરો કરે ચૂં-ચૂં,
બાંધશે કોણ?!
(ભયભીય સમાજો..)

## ચિંતન

**યા સાધૂંશ્ચ ખલાન્કરોતિ વિદૂષો મૂર્ખાન્હિતા ન્દ્રેષિણઃ પ્રત્યક્ષં કુરુતે પરોક્ષમ મૃતં હલાહલં તત્ક્ષણાત્ ।**
**તામારા ધય સત્ક્રિયાં ભગવતીં ભોક્તું ફલં વાંછિતં, હે સાધો વ્યસનિન્ગુણેષુ વિપુલેષ્વાસ્થાં વૃથામા કૃથાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'નસીબનો મહિમા'માંથી આ શ્લોક છે. આ શ્લોકમાં સત્કર્મો દ્વારા જ ભાગ્યનું નિર્માણ થાય છે એમ સમજાવવામાં આવ્યું છે :-

'હે દુખમાં આવી પડેલ સજ્જન, (તું ચિંતા ન કર કારણ કે) સત્કર્મો દુર્જનને પણ સજ્જન બનાવી દે છે, મૂર્ખાઓ અને ગમારને પણ સમજું વિદ્વાન બનાવે છે, જે લોકો દ્વેષી-વિરોધી હોય તેના પ્રત્યે પણ ભલમનસાઇથી વર્તવામાં આવે તો, દુશ્મન-દુષ્ટ પણ સજ્જન થઇ સ્વજન જેવો થઇ જાય છે, જે લાભ-ફાયદા પરોક્ષ પણે - અદૃશ્ય રહેતો હોય એ સ્પષ્ટ-હાજરાહજુર થઇ જાય છે. હલાહલ ઝેર જેવું વર્તન-વાણી પણ સત્કર્મો દ્વારા ક્ષણમાં અમૃતમય - શાતા આપનારી થઇ જાય છે.'

આથી તારે મનોકામનાઓને સિધ્ધ કરવી હોય અર્થાત ઇચ્છા પ્રમાણે ફળની પ્રાપ્તિ કરવી હોય તો, ભગવતી સત્ક્રિયા એટલે કે સત્કર્મોની ઉપાસના કર, અભીષ્ટ ફળની પ્રાપ્તિ અર્થે ક્રિયાકાંડ, હોમ-હવન, જપ-તપ જેવાં બીજા અનેક સાધનો છે પણ સદાચાર અને સત્કર્મ પર અતૂટ આસ્થા વિશ્વાસ રાખી 'કર્મ' કરવાથી એ કર્મ જ 'સદ્ભાગ્ય' બની ફળ-પરિણામ આપે છે.

## સુવિચાર

- સારાં પુસ્તક જેવો કોઇ સારો, કાયમી મિત્ર નથી - **લોંગ ફેલો**
- સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે - **વિવેકાનંદ**
- જે સુખ તમને અનંત સમૃધ્ધિ અને મહેલોમાંથી નહીં મળે તે સુખ તમને ઉત્તમ પુસ્તકોમાંથી મળશે - **સ્વામી આત્માનંદ**
- હું એ દિવસની રાહ જોઉં છું જયારે દીવાનખાનામાં ફર્નિચર કરતાં પણ જરૂર સત્ત્વશીલ સાહિત્યની ગણાતી હશે - **બટ્રાંડ રસેલ**
- પુસ્તકો વિનાનું ઘર એ બારીઓ વિનાના ઓરડા જેવું છે - **બીચર**
- જગતનો અનુભવ છે કે કોઇ, શબ્દ-વિચાર કે કોઇ પુસ્તકમાંથી ક્રાંતિનો ઉદય થાય છે - **દાદા ધર્માધિકારી**
- જે માણસ સત્ય, સુખ, જ્ઞાન, વિદ્યા અને પ્રામાણિકતાની ઇચ્છા રાખતો હોય તેણે પુસ્તકોનાં સંપર્કમાં જરૂર રહેવું જોઇએ - **રિચાર્ડ બેરી**

## બોધકથા

પ્રેમ-ભગ્ન એક યુવાનનું દિલ 'લગ્ન' પરથી ઊઠી ગયું હતું. કોઇએ એને સોક્રેટીસ પાસે સલાહ લેવા મોકલ્યો. સોક્રેટીસની પત્ની માથાભારે વાદ-વિવાદ કરનારી, કજીયારી અને કોઇની કંઇ પણ વાતનો વિરોધ કરનારી હતી. યુવાન આ વાત જાણતો હતો એટલે પોતાના લગ્ન ન કરવાનાં નિર્ણયનો ટેકો લેવા જ એ સોક્રેટીસ પાસે આવ્યો હતો. પોતાની પૂર્વ ભૂમિકા પૂરી કરી યુવાને કહ્યું તો હવે આપ કહો માટે લગ્ન કરવાં જોઇએ કે નહીં?

સોક્રેટીસે કહ્યું, તારે લગ્ન કરવાં જ જોઇએ.

યુવાન કહે, તમારા લગ્ન જીવનમાં અનુભવ પછી પણ તમે મને આવી સલાહ આપો છો?

સોક્રેટીસે કહ્યું, હા, જો મારા જેવી, પત્ની મળશે તો તું સારો ચિંતક અને વિચારક થઇ જઇશ. સફળ વાદ-વિવાદ કરી શકીશ, ધૈર્ય અને સહનશીલતામાં નિષ્ણાત થઇશ એમાં ખોટું શું છે?

અને સરળ-સુશીલ-સંસ્કારી અને આજ્ઞાકારી પત્ની મળશે તો, તો સુખી થઇશ જ એમાં કોઇ આશ્ચર્ય જ નથી. એટલે બંને અંતિમમાં પણ તને ફાયદો જ છે માટે લગ્ન કરવાં જ જોઇએ. મારી તો તને એ જ સલાહ છે.

# સ્વાર્થ હોય ત્યાં સુધી સંબંધો જળવાઈ રહે છે, પરંતુ સમય બદલાતાં સગપણ પણ બદલાઈ જાય છે

## કાવ્યાસ્વાદ સેતુ

### સનાતન સત્યની કટુતા...

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

### આપણાં કોણ?

અમે હવે આથમતા સૂરજ, ઝાંખા તેજ ને ઢળતી છાયા,
તેજ તપે ના, તિમિર હટેના, ઉંમરના વધતા પડછાયા.
પડતાં ખડતાંને આખડતાં, હાથ ઝાલવા હવે ના હૈયાં,
સમય બદલતાં, સગપણ બદલ્યાં મારતાં ઠેબાં ચાલે છૈયાં.
આંખને મારગ અંદર જાવા, વ્હાલ ધરી ના વ્હારે ધાયાં,
હવે ખૂટયાં પાંપણમાં પાણી, ના ફરક્યાં માડીનાં જાયાં.
મન-પંખી પણ મૂકી વિસામો, પિંજરની છૂટવાને માયા,
હવે અભરખા ઉપર ઊડવા, જમીન અડોઅડ સૂતી કાયા,
આખરે આંખની ઓળખ બદલી, નયન ઢાયાં રસ્તા ફંટાયા,
વ્યર્થ 'નીરવ' માનવની મંછા, કોણ આપણાં કોણ પરાયાં?

- કવિ 'નીરવ'

કવિ 'નીરવ' એટલે શ્રી ડાહ્યાભાઈ ભીમજીભાઈ પટેલ. ગાંધીનગર જિલ્લાના ખોબા જેવડા 'મગોડી' ગામમાં શ્વસીને, વર્ષોસુધી જેમણે શિક્ષણ જગત સાથેનો નાતો અકબંધ રાખી - વ્યવસાયાત્મક ઘરોબો કેળવી, સુદીર્ઘ સેવાઓ પ્રદાન કરીને, નિવૃતિમય જીવનમાં પણ સતત પ્રવૃતિમય રહી, શિક્ષણ સાથેનો સહવાસ અને સથવારો આજે પણ અખંડ રાખ્યો છે, તેવા કવિ શ્રી 'નીરવ' પોતાની જીવનસંગીનીને મુખ્ય પ્રેરણાબળ ગણી, કવિતા સાથે કાળજાના લયને જોડી બેઠા છે. સાહિત્યકાર શ્રી પરાજિત પટેલના શબ્દોમાં કહું તો 'સામાન્ય સ્થિતિ અને સંજોગોના કોચલાને તોડી નાખીને... પથ્થરની છાતી ફાડીને ફુલ ફૂટી નીકળે, એમ કવિશ્રી 'નીરવ'ના ઉરના એકાંત ખૂણામાંથી શબ્દ ફુટી નીકળ્યો છે, અલબત એકાએક!'

કવિશ્રી નિરવના કાવ્યસંગ્રહ 'નીરવ' માં સંગ્રહિત આ કાવ્ય 'આપણાં કોણ?' જીવનની એક વાસ્તવિક ભૂમિ ઉપર લાવીને આપણને ખડા કરી દે છે. રહેટના ચક્રની જેમ ફરતી જીવનની ઘટમાળામાં, આયખાનાં છેલ્લે બચેલ વર્ષો તરફ કવિએ અંગૂલી નિર્દેશ કરીને, માનવજીવનના સંબંધોની સત્યતાનો કહો કે, નગ્ન સત્યનો ચિતાર રજૂ કર્યો છે. આ અંગત સંબંધોનો તાણે - વાણે વણ્યો સંસાર છે, પરંતુ આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી, પરંતુ સૌ સ્વાર્થનાં જ સગાં છે. અને અંત સમયે- ખરી જરૂરીયાતના સમયે સૌ અળગાં- વેગળાં જઈને ઊભા રહે છે! આમ 'આ સંસાર અસાર છે.' તેની પુનરોક્તિ આ કાવ્યમાં કરવામાં આવી છે. આયખાના ઓવારે આવીને ઊભા રહેલ 'બિચારા' માનવની સંવેદનાઓ, વિભાવનાને કુદરતી તત્વોના પરિપેક્ષ્યમાં તુલનાત્મક રીતે સુપેરે વ્યંજિત કરવામાં આવી છે.

મધ્યાહને તપતો - ઝળહળતો સૂરજ અવનિને અજવાળે છે. તેનાં તપતાં તેજને કારણે અંધકાર પલાયન થઈને ક્યાં સંતાઈ જાય છે, તેની ખબર સુધ્ધાં પડતી નથી! પરંતુ... આ મધ્યાહને તપતો સૂરજ જયારે અસ્તાચળ ભણી ડગ માંડે ત્યારે તેનાં તેજ ઓસરવા લાગે છે. અને આ ઝળહળતા તેજ ઝાંખાં પડી જાય છે અને છાયા ઢળવા લાગે છે ત્યારે, તેનું તેજ હણાઈ જતાં, તે તપતું નથી અને પરિણામે તેનાથી અંધકાર દુર થઈ શકતો નથી. આમ અંધકાર તેના પર સામ્રાજ્ય જમાવીને હાવી થઈ જાય છે.

તે પ્રમાણે જવાનીના જોરમાં અને તોરમાં રાચતો માણસ પથ્થરને પાટું મારીને પાતાળમાંથી પાણીનો ધોધ વહાવે તેવી તાકાત ધરાવતો હોય છે ત્યારે, એટલે કે બધું જ કરવા શક્તિમાન હોય છે. ત્યારે તેની ચારેબાજુ મધ પર બણબણતી માખીઓની માફક સંબંધોનાં જાળાં ગુંથાયેલાં રહે છે. પરંતુ ધીમે ધીમે જયારે જરા પોતાના ડેરા - તંબુ તાણીને અડ્ડો જમાવે છે ત્યારે એકદમ આવેલ સ્વાર્થના સંબંધોનો ઊભરો ઠરી જાય છે. અને કપરી પરિસ્થિતિમાં આખડતાં, પડતાં - ખડતાં હાથ ઝાલીને આશ્વાસન કે હૈયા ધારણ આપનાર કોઈ હોતું નથી.

જે સંબંધો લોહીથી જોડાયેલ છે - પોષાયેલ છે, તે સંબંધોમાં મા- બાપ અને બાળકો સાથેના શરૂઆતના સંબંધો જોઈશું તો જણાશે કે, ...મા-બાપ પૈકી મા, પુત્રને નવ માસ પેટે વીંઢારી, પ્રસુતિની અસહ્ય વેદનાઓ સહન કરી, નિઃસ્વાર્થ દેહ દાન કરે છે. અરે! જન્મ બાદ પણ 'મા' પોતાના દેહના રૂધિરમાંથી રૂપાંતરિત પયનું પાન કરાવીને પુત્રના દેહનું સિંચન કરે છે અને પુત્રની આંગળી પકડી ચાલતાં શીખવે છે અને પ્રેરણાનાં પિયુષ પાઈને પરુષાર્થના પાઠ શિખવાડે છે. એ જ પુત્ર બાપના ખભે ખેલીને હેતથી ખીલે છે. બાપ પુત્રના ભણતર, ગણતર તથા તેના જીવનના ભાવિના ઉચ્ચ ઘડતર અને તે અંગેના મજબૂત ચણતર માટે નિશદિન સતત ખેવના રાખી, સુસંસ્કારોનું સિંચન કરીને, પુત્ર માટે પોતાના સ્વમાન સહિત સર્વસ્વ દાવમાં લગાવીને - હોમી દે છે અને પુત્રોને પાળી પોષીને મોટા કરે છે. છતાં, લોહીના સંબંધથી જોડાયેલ પુત્રો, મા - બાપ ઘરડાં થતાં, કાયાથી જર્જરીત થતાં- પડતાં, આખડતાં તેમનો હાથ ઝાલવા પણ તૈયાર હોતા નથી અને તેમને ઠેબે ચડાવે છે! આમ જરૂરીયાત પૂરી થતાં, એટલે કે સમય બદલાતાં લોહીના સંબંધો પણ બદલાઈજાય છે - તેમાં આટ આવે છે ! પછી તો બીજા સંબંધો શી વિશાતમાં!? અને એટલે જ કવિએ આ કરૂણ અને હૃદય- દ્રાવક દશા-

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

પરિસ્થિતિ જોતાં, ભારે હૈયે આંતરવેદના ઠાલવી છે કે :

''પડતાં- ખડતાંને આખડતાં, હાથ ઝાલવા હવે ના હૈયા,
સમય બદલાતાં , સગપણ બદલ્યાં, મારતાં ડેબા ચાલે છૈયા.''

આમ સ્વાર્થ હોય ત્યાં સુધી સંબંધો જળવાઈ રહે છે, પરંતુ સમય બદલાતાં સગપણ પણ બદલાઈ જાય છે. એટલે જ તો કહેવાયું છે કે,

''સૌ તગતી (સળગી)ના તાપનાર,
જો હોલવાય તો, કોઈ ન મળે ફુંકનાર!''

જો તમારી પાસે ધન - દોલત - મિલકત - વાડી - વજીફો - રૂપ - કામણ હશે તો તમારો સંગાથ વાંચ્છવા- સાચવવા પાતાળ માંથી સગાં ફુટી નીકળશે, સહુ સગપણને સાચવવા, માન-મરતબો, સાચવીને વાહ.. વાહ... કરશે, પરંતુ જો કંઈક આફત આવે કે, અણઘટિત બને તો, સૌ છેહ દઈને- પૂંઠ ફેરવી દુર ચાલ્યાં જશે.. અરે ! એવું બેહુદુ વર્તન કરશે કે, જાણે ઓળખતાં પણ ન હોય! જેમ 'નાણાં' વગરનો નાથિયો ને 'નાણે' નાથાલાલ!

કવિએ,

''આંખને મારગ અંદર જાવા, વ્હાલધરીના વ્હારે ધાયાં,
હવે ખૂટયાં પાંપણમાં પાણી,ના ફરક્યાં માડીનાં જાયાં.''

કહીને, માનવે જીવનના સ્વાર્થી સંબંધોની પરાકાષ્ટા આંકીને, લોહીના સંબંધો પણ કેટલા છીછરા અને સ્વાર્થપટુ હોય છે, તે તરફ તથા ઔદાર્યના થઈ રહેલ હ્રાસ તરફ મનોવેદના ઠાલવી છે. આવા સ્વાર્થ ભર્યા સંબંધોની નાગચૂંડમાંથઈ બચવા, મનપંખી વિસામો છોડીને પિંજરમાંથી - બંધનની માયામાંથી છુટવા, આ લોકને ત્યજીને પરલોકમાં સિધાવવાના તથા ઉપર ઉડવાના અભરખાં (મુક્ત થવાના ઓરતા સાથે) સાથે, જયારે કાયા ઝૂકીને જમીનને અડી છે - સૂતી છે ત્યારે જયાં આંથની ઓળખ રહી નથી.. તે બદલાઈ ગઈ છે અને રસ્તા ફંટાઈ રહ્યા છે ત્યારે, કવિ છેલ્લે કહે છે કે:

''વ્યર્થ 'નીરવ' માનવની મંછા,
કોણ આપણાં કોણ પરાયાં ?''

આમ, માનવ સાથેના સંબંધોની સગાની - વહાલાંની... મારાની... તારાની... જે મંછા - ઈચ્છાઓ - મહેચ્છાઓ - ધારણાઓ છે તે છેવટે બિલકુલ નકામી - વ્યર્થ અને અર્થહિન પૂરવાર થયા છે. કારણ કે, આ જગમાં કોણ આપણાં અને કોણ પરાયાં, તે કહેવું અને અનુભવવું અતિ કઠિન - બલ્કે અશક્ય છે! આ સમયે - તબક્કે કવિશ્રી ભોજા ભગતનું અમોલું નજરાણું 'પ્રાણીયા ભજી લેને કિરતાર... આ તો સપનું છે સંસાર...' યાદ આવે એ સ્વાભાવિક છે.

## કાવ્ય સેતુ

કૃપા તણી હેલી વરસાવી
'સેજળ વહેતું ઝરણું દે જે.
શ્રદ્ધાનો દીપ અખંડ જલાવવા,
અવિરત સ્નેહનું સિંચન દેજે.'
અહમ્‌ની આહુતી અર્પું
દરશનનાં તુજ દાન દેજે.

- પ્રેમશંકર ભટ્ટ

જગતને જીતનારો હસી રહ્યો છે,
ફુલોની જેમ ખીલી રહ્યો છે,
ભલે હોય દૂર સુગંધી દરિયો,
હોઠોની મુસ્કાન ઝીલી રહ્યો છે.

- જયેશ શ્રીમાળી

તમારા શમણામાં હું ને મારા શમણામાં તું,
હરેક શ્વાસ ઉચ્છવાસમાં તું ને હું.
પળે પળોને વાગોળઉં ને યાદોમાં ખોવાઉં,
હોઠ પરના હરેક શબ્દમાં હું ને તું.

- ભીખું કવિ

મેં તો માગ્યું' તું ફુલ એક નાનું,
તે તો દઈ દીધું ચમન,
એક સપનું માગ્યું' તું મેં છાનું,
તો દેનારે દઈ દીધું આખું ગગન...

- ભાનુપ્રસાદ પુરાણી

સ્વભાવની પેલે પાર જવાની મમત તું છોડી દે.
માટીના મલકને ખાળવાની મમત તું છોડી દે.
આવા આપણે બેઉ સાથે મળી પ્રેમ વાવીએ,
પછી જે પ્રગટે તે જાણવાની મમત તું છોડી દે.

- દીપક પંડ્યા

દુઃખ બીજાનું જોઈને હૈયું દ્રવે,
સુખ હા! સાચે જ તો અવિરામ છે!
લાગણીનું એક ઉપવન ખીલવો,
ને પછી મહોબ્બત આઠો જામ છે!

- ભરત કવિ 'ઊર્મિલ'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સઘળી ચિંતાઓ હડસેલી સાચી દિશાનો સખત પરિશ્રમ આદરશો તો અવશ્ય સફળતાનો ચિદાનંદ પ્રાપ્ત થશે...!!

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

હું તો છું પીછું કાળના
પંખીની પાંખનું
સ્પર્શું છું આજ આભને, કાલે
ખરી જઈશ!

- મનોજ ખંડેરિયા

જીવનમાં આગળ વધવા પ્રગતિ સાધવા માટે હકારાત્મક અભિગમ કેળવવો જોઈએ. જેને જીવનમાં આગળ વધવું છે, વિકાસોન્મુખ બનવું છે તેને શોધકની દૃષ્ટિ કેળવવી રહી. હકારાત્મક દૃષ્ટિકોણની ટેવ પાડવી રહી... કારણ ચોતરફ દરેકને સારું કરતાં ખરાબ વધુ દેખાય છે. દરેકની દૃષ્ટિ પ્રથમ નજરે બીજાની ખામી જ શોધે છે. બીજામાં રહેલા અવગુણ - દોષને જોવાની જ ટેવ પડી છે. આપણું સમગ્ર વાતાવરણ આવા નકારાત્મક વિચારો પર જ નભતું જોવા મળે છે. તેથી જ કહેવાય છે કે, 'અવગુણ જોનારો સ્વર્ગમાં જશે તો ત્યાં પણ તેને દોષો જ દેખાશે...!'

દોસ્તો, વિધાયક દૃષ્ટિનું શિક્ષણ આત્મસાત કરતાં શીખો. અન્યમાં રહેલા અવગુણને બાદ કરી તેનામાં રહેલો રાઈના કણ સમો સદ્‌ગુણ નીરખવા પ્રયત્ન કરો. જો આપણી જ દૃષ્ટિ દોષો જોવાનું રાખશે તો જયાં જઈશું ત્યાં દોષો જ દેખાશે...!

દરેક વસ્તુ કે વ્યક્તિમાં કંઈક 'શ્રેષ્ઠત્વ' છુપાયેલું હોય છે. જે ઉપરથી ન દેખાય તેને જરા વધારે ઊંડાણથી જોવા મથવું પડે. નરી આંખે ન જોઈ શકાય એને સૂક્ષ્મ દૃષ્ટિથી જોવા મથીએ તો દેખાય જ! મરજીવા સાગરના પેટાળમાં અધાગ જળના ટનબંધ કાદવ - કચરામાં છૂપાયેલા રત્નને - મોતીને પામી શકે છે. કાદવ-કચરામાં રહેલી મોતીની ચમક દેખાય એમ વ્યક્તિના અવગુણોમાંયે લાખેણો સદ્‌ગુણ ચમકતો હોય છે. તેને નિરખવા આગવા દૃષ્ટિકોણની જરૂર છે...!

હકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ સારાપણઆને - ઉમદા તત્ત્વને હંમેશાં બિરદાવશે જયારે નકારાત્મક વલણવાળા હંમેશાં ટીકા-ટીપ્પણ કરતા રહે છે. હકારાત્મક વલણવાળા પ્રાપ્તત્વને અમૂલ્ય ગણે છે. નકારાત્મક વલણવાળાઓ અતૃપ્તતા અનુભવે છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' ના ન્યાયે ઘરમાં, કુટુંબમાં, ઓફિસ કે જાહેર જીવનમાં નકારાત્મક વલણવાળી વ્યક્તિ બીજાના માથે દોષનો ટોપલો ઢોળતો રહે છે. સાથે સાથે આવી વ્યક્તિઓ ચિંતાતુર - ટેન્શનમાં રહે છે. અને આસપાસ ચિંતાગ્રસ્ત વાતાવરણ સર્જે છે. એક વિદ્યાર્થી બારમા ધોરણમાં ઓછી ટકાવારીએ પાસ થયો. કૉલેજમાં અંગ્રેજી વિષય સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું શરૂ કર્યું ત્યારે નકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતા સ્નેહીજનોએ શંકા વ્યકત કરી કે 'અંગ્રેજી વિષય સાથે આગળ વધીશ કે કેમ?' કદાચ પાસ થઈશ પણ સારા પ્રાપ્તાંક નહીં આવે?' તેમનું વહેમી - નિરાશાવાદી માનસ છતું થતું હતું. તો બીજી બાજુ ગણ્યા ગાઠ્યાં હકારાત્મક વલણવાળાઓએ તે વિદ્યાર્થીને પ્રોત્સાહન પૂરુ પાડ્યું કે, 'ધગશ કેળવી મેહનત કર, કશું જ અશક્ય નથી. અવશ્ય સફળ થઈશ જ...!'

આપણી આસપાસ પણ આવા નકારાત્મક વલણો ધરાવતા વ્યક્તિઓ છે જેઓ, હંમેશાં બીજાની ટીકા જ કરે છે, ટીકા-ટીપ્પણ કરવાની તક ન મળે તો બેચેની અનુભવે છે.

સારા અનુકૂળ સંજોગો પણ પ્રતિકૂળ લાગે છે. સતત દોષદર્શનની ટેવ પડેલી જોવા મળે છે. બીજાને મળેલી નિષ્ફળતાના ઉદાહરણો વાગોળ્યા કરતાં હોય છે. કાર્યથી દૂર ભાગી ભય-ક્ષોભ અનુભવે છે. સલાહ સૂચનોમાં જ રસ ધરાવતા હોય છે. શુકન - અપશુકનમાં માનતા રહી શંકાશીલ વહેમી - નિરાશાવાદી માનસ છતું કરે છે.

સારી બાબતો છોડી મુસીબતોની ગણતરી કરતા રહે છે. પ્રાપ્ત થતું હોય એનો આનંદ પણ નથી મળ્યું એની ગણતરી કરી વિષાદગ્રસ્ત રહે છે. હંમેશાં ઉણપની અતૃપ્તિ અનુભવે છે. બીજો સફળ ન થાય એવું ઈચ્છે છે, અને એવા પ્રયત્નો પણ આદરે છે.

આત્મીય યુવજનો! હંમેશાં સ્વસ્થ વલણ કેળવો, જયાં જાઓ ત્યાં જેને મળો તેને સુખમયતા - સમૃધ્ધિની શુભેચ્છાઓ પાઠવો. તમારા સંસર્ગમાં આવનારમાં તેનામાં કંઈક સારાપણું છે તેવો અહેસાસ કરાવો. દરેકનાં આવનારમાં તેનામાં કંઈક સારાપણું છે તેવો અહેસાસ કરાવો. દરેકમાં ઉજળી બાજુ જોતાં શીખો, હંમેશાં શ્રેષ્ઠ વિચારો કરે તેની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠતમ રીતે મથો. ઉત્સાહી - આશાવાદી જ સફળતા હાંસલ કરી શકે છે. ભૂતકાળની ભૂલો નિષ્ફળતાને ભૂલી ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાને સાકાર કરવા કમર કસો...! આત્મગૌરવ અને પર સન્માન કરતા રહી પ્રેમનું દિવ્ય સામ્રાજય સર્જો...! સઘળી ચિંતાઓ હડસેલી સાચી દિશાનો સખત પરિશ્રમ આદરશો તો અવશ્ય સફળતાનો ચિદાનંદ પ્રાપ્ત થશે...!!

**- : સ્પર્શમણિ : -**

તમે જેવું વિચારો છો તેવું જ બને છે, તમારા વિચારો એ તમારો સંસાર નિર્મિત કરી દીધો છે. વિચારો બદલો, જાગો અને બરાબર જુઓ. બધું એમ જ રહેશે, માત્ર તમારા વિચારવાની જાણવાની રીતો બદલાઈ જશે. અને બધું બદલાઈ જશે. જે આપણે બીજા સાથે કરીએ છીએ તેનું જ પ્રતિફળ આપણા પર પાછું ફરે છે, આમ થશે જ. જીવનનો સીધો નિયમ છે. આપણે જે જીવન તરફ ફેંકીએ છીએ, તે જ જીવન આપણને પાછું આપે છે. જે કાંઈ આપણને મળે છે તે બધું આપણું જ આપેલું છે.

- ઓશો

# ખરેખર સૌની સાથે હળી-મળીને જીવવાની મજા કંઇ ઓર છે હા, તેમાં વ્યક્તિએ થોડી બાંધછોડ અને સહનશીલતાની ભાવના રાખવી એટલી પૂર્વશરત સ્વીકારવી જ પડે!

## નારી ગુણવંતી

- અનંત પટેલ

## અતડાપણું

કેતકી લગ્ન પછી સાસરે તો આવી પણ તેની એકલા રહેવાની વૃત્તિ તેને અહીં પણ નડવા લાગી. લગ્ન પહેલાં તેની મમ્મીએ તેનો આવો સ્વભાવ જાણતી હોવાથી આ અંગે ખૂબ જ શિખામણ આપેલી અને સૌની સાથે હળી - મળીને રહેવાની જ સલાહ આપેલી. તે છતાં માણસના સ્વભાવને બદલવાનું ઘણું અઘરું છે તે ન્યાયે કેતકી લગ્ન પછી તેનાં સાસુ- સસરા, દિયર - જેઠ કે નણંદ કોઈની સાથે ઓત - પ્રોત થઈ શકી જ નહી. એ તો બસ એના પતિ સંદીપ સાથે જ વ્યસ્ત રહેતી. એમનું કુટુંબ મોટું હતું. છતાં કેતકીને કોઈની સાથે ય સારાપણું નહીં. એમ કરતાં સંદીપને ત્રીસેક કિ.મી. દૂરના ગામે નોકરી મળી તો ત્રણ-ચાર મહિના તો સંદીપે બાઈક પર ઉપર આવ - જા કરી પણ પછી કેતકીના સ્વભાવને કારણે એ કેતકીને લઈને ત્યાં અલગ રહેવા જતો રહ્યો. હવે અહીંયાં તો કેતકીને મજા આવી ગઈ! ન સાસુ - સસરા કે નણંદ, જેઠાણી - કોઈની ઝંઝટ જ નહીં. અરે એનો સ્વભાવ તો એવો કે એને પાડોશમાં ય કોઈ બેનો સાથે ખાસ બનતું નહિ.

આમનો આમ વર્ષો વીતતાં ગયાં. કેતકીને સારા દિવસો રહ્યાં ને એક દીકરીનો જન્મ થયો. દીકરીનો જન્મ થવાથી કેતકીના અંગત જીવનમાં લોહીના સગપણવાળું એક નવું પાત્ર ઉમેરાયું. સમાજથી કે સાસરીયામાં તરફથી અતડી રહેતી કેતકીને દીકરીના જન્મ પછી ફરજીયાત રીતે કુટુંબીઓ સાથે જોડવાની ફરજ પડી. જોવાની ખૂબી એ રહી કે આવી સ્થિતિ ઉભી થવા છતાં ય કેતકીએ બધાં સાથે બોલવાનું કે ઉઠવા - બેસવાનું શરૂ તો કર્યું પણ એ ય માપનું જ રાખ્યું. તેની દીકરી ચારેક વર્ષની થઇ ત્યાં સુધીમાં તો સારી રીતે બોલતી અને સમજતી થઇ ગઈ હતી. તે એની મમ્મીને જાત - જાતની દલીલો કર્યા કરતી. કેતકી તો તેને ય પોતાના ઘેર એકલી જ રહેવાની ટ્રેનિંગ આપતી હતી. પણ તેની દીકરી જોલીને આવું બધું ગમતું નહીં એને બધાં બાળકો સાથે રમવા જવાનું અને હરવા ફરવાનું ગમતું. જયારે કેતકી તેને આવું નહી કરવાની સલાહ આપતી તેનાથી જોલીને નવાઇ થતી. તે તેની મમ્મીને સામે દલીલ કરતી તો કેતકી તેને વધારે સમજાવવાને બદલે ગુસ્સે થઇને ધમકાવી નાખતી. તેને એવો ભય લાગી ગયો હતો કે કદાચ જોલીને લીધે તેને પણ બધાંની સાથે હળી - મળી રહેવું પડશે તો? બધાં તેને પર હાવી થઇ શકે ને તેને દબાવી દેશે તો - ? ખરેખર તો કેતકીના મનમાં ઘૂસી ગયેલા આવા પ્રશ્નો કે ખ્યાલો આમ તો તદ્દન ખોટા જ હતા.

જોલી સમજણી થતાં બાલમંદિરે અને પછી તો પહેલાં ધોરણમાં દાખલ કરવામાં આવી. તેને વેકેશન પડે કે શનિ - રવિ કે તહેવારોની રજાઓ પડે તો પણ કેતકી જોલીને કોઇને ઘેર જવા જ ન દે. તે પોતે કોઇને ત્યાં એકાદ દિવસ જાય તો તેટલો સમય જ લઇ જાય બસ પછી જોલીને ગમે તે રીતે સમજાવી પટાવીને પોતાની સાથે લઇ જ જાય! પરંતુ એક દિવસ એવો આવ્યો કે જોલી તેનાં દાદા - દાદી સાથે હઠે ભરાઇને આવી જ ગઇ! કેતકીને તેના સાસુ-સસરાએ શાંતિથી સમજાવી કે તું ચિંતા કરીશ નહિ, જોલીને અમે પણ અમારા જીવની જેમ જ સાચવીશું. એ તને જેટલી વહાલી છે એટલી જ અમને ય વહાલી છે... કેતકી કચવાતે મને સંમત થઇ. જોલીએ દાદા-દાદી સાથે ગામડે રહેવા જવા એવી હઠ પકડેલી કે કેતકીએ નમતું જોખવું જ પડ્યું...

સાંજે કેતકીથી રહેવાયું નહીં તો તેણે તેના સસરાના મોબાઇલ પર ફોન કરી જોલી સાથે વાત કરી તો જોલી બોલી -

'મમ્મી મારી ચિંતા કરીશ નહિ, મને તો અહીં બહુ મજા આવી છે હું તો બે દિવસ આખું ય વેકેશન અહીંયાં જ પૂરું કરીશ હોં - '


અને કેતકી જોલીના આ શબ્દો સાંભળીને રડી જ પડી! ખરેખર જે બીજું કોઇ ન કરી શક્યું તે કદાચ કેતકીની દીકરી જોલીએ કરી દીધું. જોલીને કારણે કેતકીના સ્વભાવમાં આમૂલ પરિવર્તન આવી ગયું. સદાય અતડી રહેતી કેતકી સૌની સાથે હળવા - મળવાના નિર્ધાર સાથે તે જ દિવસે સાંજે સાસુ-સસરા પાસે દોડી આવી...

આજે તો જોલી પરણીને સાસરે ય પહોંચી ગઇ છે. પણ કેતકી પોતાના રૂક્ષ સ્વભાવમાં આમૂલ પરિવર્તન લાવવા માટે તેની દીકરી જોલીની ખૂબ જ આભારી છે! ખરેખર સૌની સાથે હળી-મળીને જીવવાની મજા કંઇ ઓર છે, હા તેમાં વ્યક્તિએ થોડી બાંધછોડ અને સહનશીલતાની ભાવના રાખવી એટલી પૂર્વશરત સ્વીકારવી જ પડે!

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨જી જૂન



- મહાન નવલકથાકાર થોમસ હાર્ડીનો જન્મ તા. ૨-૬-૧૮૪૦.

૧૧ નવલકથા, ૨ નાટક, ૫ કાવ્યસંગ્રહ લખનારા આ અંગ્રેજી ભાષાના વિશ્વ વિખ્યાત સાહિત્યકારની પ્રથમ નવલકથા 'ડેસ્પરેટ રેમડીઝ' પ્રતિષ્ઠા અપાવી. સ્ત્રીની માનસિકતાનું પ્રભાવી ચિત્રણ તૈના સાહિત્યની વિશિષ્ટતા હતી. ૧૧-૧-૧૯૨૮માં તેમનું નિધન થયું.

- ૬૨૨ ની ૨જી જૂનથી હિજરી સનની શરૂઆત થઇ.
- ૧૮૮૨માં ઇટાલીના તારણહાર 'ગેરી બાલ્ડી'નું અવસાન.
- નિર્માતા અભિનેતા રાજકપૂરનું અવસાન - ૧૯૮૮.
- વૈજ્ઞાનિક દેવેન્દ્ર મોહન વસુનું અવસાન : ૧૯૭૫.
- ગુજરાત આર્ય ઔષધ શાળાના સ્થાપક વૈદિક લેખો લખનારા વૈદ્ય પંચાગનાં જટાશંકર લીલાધર ત્રિવેદીનું અવસાન - ૧૯૨૧.